## ગુજરાતમાં કોરોના ફરીથી ‘દિવાળીવાળી’ ના કરે તો સારૂ...

માધ્યમોએ ગાઈ-વગાડીને કહ્યું કે ‘કોરોના ઘટ્યો છે, ગયો નથી.’ અખબારોએ પાને પાને ફોટા છાપ્યા, ન્યૂઝ ચેનલોએ વારંવાર વીડિયો બતાવ્યા પણ ન તો કોંગ્રેસ કે ન તો ભાજપ... કોઈએ કોરોનાના નિયમોનું પાલન કર્યુ નહિ... કરતા નથી... ને કદાચ કરશે ય નહીં..!! સત્તાની લાહ્યમાં ભાન ભુલેલા ભાજપ અને કોંગ્રેસ એવા તો બેફામ બની ગયા કે જાણે ગુજરાતમાં કોરોનાની અસર જ ના હોય..! અમદાવાદના તબીબો-તજજ્ઞો સૌએ વારંવાર અપીલો કરી કે આ ચૂંટણીઓ કોરોનાને ફરીથી વાજતે-ગાજતે લાવી રહી છે..!! ચૂંટણીની રેલીઓ-સભાઓ-જમણવારો અને મેળાવડાઓએ તો એવી માઝા મુકી કે હવે મુખ્યમંત્રી અને ભાજપના હાઈ કમાન્ડ કોરોનાથી સંક્રમીત થયા..! અને પેલી આપણી ગ્રામીણ કહેવત મુજબ ‘વાર્યા ન વળે તે હાર્યા વળે’ - ભાજપના નેતાઓ આટલું જો સાનમાં સમજે તો ગુજરાતમાં મોટી સેવા થશે. રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ભાજપના પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા અને

**સીધી ને સટ...**

સાંસદ વિનોદભાઈ ચાવડા તો પહેલાં જ રાઉન્ડમાં કોરોનાથી સંક્રમિત થતાં યુ.એન. મહેતામાં સારવાર લઈ રહ્યા છે. સાહેબ વિનોદભાઈ તો પાંચ દિવસથી સંક્રમિત હતાં, ભીખુભાઈ બે દિવસથી સારવાર લઈ રહ્યા હતાં. આ તો આજે રૂપાણી સાહેબને પોઝીટીવ આવતા વિગતો જાહેર થઈ. હજુ તો કેટકેટલા આવશે..?! કેટ કેટલા મોટા માથા આવશે, મોટા મોટા નેતાઓ અને વરિષ્ઠ અધિકારીઓ કોરોનાની ઝપેટમાં ના આવે તો આવશે. હવે તો પ્રજાને પણ શંકા જાય છે કે વાસ્તવમાં કોરોના ઘટ્યો હતો કે ઘટાડાયો હતો..!?! સાચે જ કેસ ઓછા હતાં કે ઓછા બતાવાયા..!?! ચૂંટણી યોજવા, ચૂંટણી જીતવા, વાહવાહી મેળવવા રોજેરોજના કેસ ઓછા બતાવાતા હતા એવી પણ ચર્ચા છે !

સાહેબ..! દિવાળી ઉજવવા જેવી રીતે પ્રજાએ નિયમોનો ઉલાળીયો કર્યો હતો અને ત્યારબાદના બે મહિના સર્જાયેલ કોરોનાની ગંભીર સ્થિતિ ક્યારેય ભુલાય એમ નથી. અને હવે નેતાઓએ, રાજકીય પક્ષોએ ખાસ કરીને શાસક પક્ષે નિયમોનો ઉલાળીયો કરી કોરોનાને જાણે નોતરૂ આપ્યુ હોય એવી સ્થિતિનું નિર્માણ થતી જાય છે. આ પ્રજાને ખબર છે કે હજુય ચાર-પાંચ દિવસ કોરોના કેસના આંકડા ઓછા બતાવાશે પણ પછી તો ભોગવવાનું તો પ્રજાએ જ છે ને..?! ચૂંટણી ૬-૮ મહિના બાદ યોજી હોત તો કંઈ આભ તુટી પડવાનુ ન્હોતુ. સત્તા જેમ છે તેમ જ રહેવાની હતી..! અને એમ જ રહેશે, પણ પેટા ચૂંટણીઓના પરિણામોની અસર મેળવવાની લાહ્યમાં પંચાયત - પાલીકાઓની ચૂંટણી યોજવાનો જુગાર અવળો તો નહીં પડે ને..!?! વિજય તો ભાજપનો હતો અને રહેશે પણ વિટંબણા પ્રજાની વધશે તેનું ધ્યાન રખાયુ હોત તો પ્રજાની સાચી સેવા ગણાત..! મુખ્યમંત્રી કે પ્રદેશ મહામંત્રીને કોરોનાનું સંક્રમણ ચિંતાજનક ચોક્કસ છે, સ્વાસ્થ્ય માટે પ્રજાની પ્રાર્થના પણ છે પરંતુ જો સાવધાની રખાઈ હોત તો આજે આ નોબત ના આવી હોત અને હજુ તો એક-બે દિવસમાં કેટલાય નેતાઓ અને કાર્યકરો ટેસ્ટ કરાવશે... એના રિપોર્ટની પણ ગુજરાતને ચિંતા છે..! પ્રાર્થીએ કે ગુજરાતમાં કોરોના ફરીથી ‘દિવાળીવાળી’ ના કરે..!!

# મુખ્યમંત્રી વિજય રૂપાણી કોરોના પોઝિટિવ

## ૨૮મી ફેબ્રુ. સુધી રૂપાણીના તમામ જાહેર કાર્યક્રમો રદ : સીએમના તમામ સુરક્ષાકર્મીઓનો કોરોના ટેસ્ટ કરાશે, સીએમ નિવાસસ્થાનને સેનિટાઇઝ કરવામાં આવશે

મુખ્યમંત્રી વિજય રૂપાણીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. રવિવારે વડોદરા શહેર ખાતે એક સભા દરમિયાન તેઓ ચાલુ ભાષણમાં ઢળી પડ્યા હતા. જે બાદમાં તેમને અમદાવાદની યુ.એન. મહેતા હૉસ્પિટલ ખાતે સારવાર માટે લાવવામાં આવ્યા હતા. અહીં તેમના તમામ રિપોર્ટ સામાન્ય આવ્યા હતા. આ દરમિયાન તેમનો કોરોના રિપોર્ટ પણ કરવામાં આવ્યો હતો. આજે એટલે કે સોમવારે સવારે તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. સીએમ વિજય રૂપાણી ઉપરાંત બીજેપી સંગઠન મંત્રી ભીખુભાઈ દલસાણિયા અને કચ્છ બેઠક પરથી બીજેપીના સાંસદ વિનોદ ચાવડા પણ કોરોના પોઝિટિવ આવ્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ તેઓ યુએન મહેતા હૉસ્પિટલ ખાતે જ સારવાર હેઠળ રહેશે. આ ઉપરાંત તેમના સંપર્કમાં આવેલા



તમામ લોકોને નિયમ પ્રમાણે રિપોર્ટ કરાવવાની તેમજ રિપોર્ટ પોઝિટિવ આવે તો હોમ આઈસોલેટ અને જરૂર પડે તો હૉસ્પિટલમાં દાખલ થવાની સૂચના આપવામાં આવી છે.

**મુખ્યમંત્રીના અંગત મદદનીશ શૈલેષ માંડલીયાનો રિપોર્ટ પોઝેટીવ આવતા યુ.એન.મહેતામાં દાખલ કરાયા : સીએમને મળેલા તમામ લોકોનો કોરોના ટેસ્ટ થશે**

મળતી માહિતી પ્રમાણે સીએમ વિજય રૂપાણીને કોરોનાના સામાન્ય લક્ષણો છે. આ ઉપરાંત ગઈકાલની ઘટના બાદ તેમના તમામ ટેસ્ટ કરાવવામાં આવ્યા હતા, જે તમામ સામાન્ય આવ્યા છે. હાલ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું ઑક્સિજન સ્તર પણ સામાન્ય છે. હાલ હૉસ્પિટલની એક ટીમ તેમની સારવાર કરી રહી છે. મળતી માહિતી પ્રમાણે ૨૮મી ફેબ્રુઆરી સુધી સીએમ વિજય રૂપાણીના તમામ જાહેર કાર્યક્રમ રદ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત સીએમ નિવાસસ્થાને કોઈ નવા વ્યક્તિને પ્રવેશ નહીં આપવામાં આવે. સીએમના તમામ સુરક્ષાકર્મીઓનો કોરોના ટેસ્ટ થશે. સીએમ નિવાસસ્થાનને સેનિટાઇઝ કરવામાં આવશે. તેમના સ્ટાફનો પણ કોરોના ટેસ્ટ કરવામાં આવશે. આ ઉપરાંત સીએમ કાર્યાલયને પણ સેનિટાઇઝ કરવામાં આવશે. મળતી માહિતી પ્રમાણે સીએમ નિવાસસ્થાન અને કાર્યાલય ખાતેના કર્મચારીઓ સેલ્ફ ક્વૉરન્ટીન થશે. કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ સીએમ વિજય રૂપાણીના આગામી તમામ કાર્યક્રમો રદ કરી દેવામાં આવ્યા છે. ગત દિવસોમાં સીએમ રૂપાણીએ જામનગર, ભાવનગર સહિત શહેરોનો પ્રવાસ કર્યો હતો. આ દરમિયાન તેમણે ચૂંટણી સભાઓ ગજવી હતી. આજે અને આગામી દિવસોમાં પણ સીએમના કાર્યક્રમો હતો તેને હાલ રદ કરી દેવામાં આવ્યા છે. હાલ ગુજરાતમાં ચૂંટણીની મોસમ ચાલી રહી છે. ચૂંટણીની જાહેરાત કરતા સમયે જ ચૂંટણી પંચે તમામ લોકોને કોરોનાની ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવાનો રહેશે તેવી સૂચના આપી હતી.

### ભાજપના નેતા વિનોદ ચાવડા, દલસાણિયા પણ સંક્રમિત થયા

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીને કોરોના વાયરસનો ચેપ લાગ્યો છે. જોકે, તેમના કોરોના પોઝિટિવ હોવાના રિપોર્ટ આવતાની સાથે જ રાજ્યના ભાજપના સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા અને ભાજપના મહામંત્રી અને કચ્છના સાંસદ વિનોદ ચાવડા પણ કોરોના પોઝિટિવ આવ્યા છે. આ તમામ મહાનુભાવો ભાજપની સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંતર્ગત યોજાયેલી પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં હાજર હતા. ઉલ્લેખનીય છે કે રવિવારે સાંજે વડોદરા શહેરના મહેસાણાનગર ખાતે યોજાયેલી ચૂંટણી સભાને સંબોધતા મુખ્યમંત્રી રૂપાણી ઢળી પડ્યા હતા. સીએમ રૂપાણીને ત્યાંથી સીધા અમદાવાદની યુએન મહેતા હૉસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી રૂપાણીને લો બીપી હોવાનું જાણવા મળ્યું હતું અને તેમને ઑબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા હતા ત્યારે મુખ્યમંત્રીનો બપોરે કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જોકે, આ સાથે જ અહેવાલો સામે આવ્યા કે ભારતીય જનતા પાર્ટીના સંગઠન મહામંત્રી દલસાણિયા અને મહામંત્રી અને સાંસદ ચાવડા પણ કોરોનાની ઝપટમાં આવી ગયા છે. રાજ્યમાં કોરોના સંક્રમણ અટકાવવા માટે સરકારે રાત્રિ કર્ફ્યૂ લાદ્યો હતો.

### મુખ્યમંત્રીને અઠવાડિયા સુધી હૉસ્પિટલમાં રહેવું પડી શકે છે

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવવા મામલે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પત્રકાર પરિષદ સંબોધી હતી. આ મામલે તેમણે જણાવ્યું હતું કે, તેમને અઠવાડિયા સુધી સારવારમાં રાખવામાં આવી શકે છે. નીતિન પટેલના જણાવ્યા પ્રમાણે યુએન મહેતા હાર્ટ હૉસ્પિટલ ખાતે જ તેમની કોરોનાના દર્દી તરીકે સારવાર ચાલશે. નીતિન પટેલના કહેવા પ્રમાણે, મુખ્યમંત્રીને ૧૦૦ ડિગ્રીની આસપાસ તાવ હતો. તેઓ તાવની દવા પણ લેતા હતા. રવિવારે વડોદરા ખાતે તેઓ ઢળી પડ્યા હતા તે અંગે ડૉક્ટરોનું માનવું છે કે સતત કામને લીધે થાક અને ઉજાગરાઓને લીધે આવું થયું હોવાની શક્યતા છે. તેમના અન્ય તમામ રિપોર્ટ નોર્મલ આવ્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી સંક્રમિત થવા પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટ કરીને તેઓ ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના કરી હતી. અમિત શાહે ટ્વિટ કરીને લખ્યું છે કે, ગુજરાતના મુખ્યમંત્રી કોરોના સંક્રમિત થયાના સમાચાર જાણ્યાં. હું ઈશ્વરને પ્રાર્થના કરૂ છું કે, તેઓ ટૂંક સમયમાં સ્વસ્થ થઇ, આપણી વચ્ચે આવે અને પુનઃ જનકલ્યાણના કામોમાં સક્રિય થાય. વિજય રૂપાણી સાત દિવસ સુધી યુએન મહેતા હૉસ્પિટલ ખાતે સારવાર હેઠળ રહેશે.

# જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો માટે ૮૦ ઉમેદવારો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો માટે આજે ચકાસણીને અંતે ૮૦ ઉમેદવારો મેદાનમાં રહે છે. મંગળવારે બપોરે ૩ વાગ્યા સુધીમાં ઉમેદવારીપત્ર પાછા ખેંચવાની મુદત પૂર્ણ થયા બાદ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

આજે સવારે ૧૧ વાગ્યાથી ઉમેદવારીપત્રોની ચકાસણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જે બપોરના ૩ વાગ્યા સુધી ચાલી હતી. ચકાસણી પ્રક્રિયાને અંતે જિલ્લા પંચાયતોની બેઠકો પર અપક્ષો અને એકાદ બે બેઠકો પર અન્ય પક્ષોના ઉમેદવારને બાદ કરતાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો જંગ જામશે તેમ લગભગ નિશ્ચિત બની ચુક્યુ છે. આજે ૫૯ ઉમેદવારોના ઉમેદવારી પત્રો અમાન્ય ઠર્યા હતા.

જિલ્લામાં ૨૮ બેઠકો માટેનું જે ચૂંટણી ચિત્ર આજે ચકાસણીને અંતે બન્યુ છે તેમાં માણસાની ૭ બેઠક માટે ૨૩, કલોલની ૬ બેઠક માટે ૧૨, દહેગામની ૭ બેઠક માટે ૨૪ અને ગાંધીનગરની ૮ બેઠક માટે ૨૧ ઉમેદવારો માન્ય ઉમેદવાર તરીકે મેદાનમાં છે.

જિલ્લા પંચાયતમાં કલોલ તાલુકામાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ ખેલાશે. જયારે માણસા, દહેગામ અને ગાંધીનગરમાં કેટલીક બેઠકો ત્રિપાંખીયો અથવા તેથી વધુ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે.

આજે ઉમેદવારી પત્રોની ચકાસણીની કામગીરીનું નિરીક્ષણ કરવા જિલ્લામાં નિમાયેલા નિરીક્ષક સુશ્રી જયશ્રીબેન દેવાંગને માણસાની મુલાકાત લીધી હતી. તેમણે ત્યાં ચાલતી કામગીરીને નિહાળી હતી.

ઉમેદવારીપત્રોની ચકાસણીની કામગીરી પતાવી તેમણે માણસા તાલુકાના કેટલાક મતદાન મથકોની પણ મુલાકાત લીધી હોવાનું જાણવા મળેલ છે.

## શહેરમાં નવી ગટર લાઈન નાંખવાના પ્રોજેક્ટ અન્વયે રીટેન્ડરીંગ કરાશે

### જરૂરી શરતોનુ પાલન ન થતા તંત્ર દ્વારા આખરે રીટેન્ડરીંગ કરવાનો નિર્ણય લેવાયો

ગાંધીનગર તા ૧૫

શહેર સહીત જિલ્લાના વિવિધ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવે છે. જિલ્લાને જોડતા વિવિધ માર્ગોની પણ દશા સુધારવા માટે કામોને મંજુરી આપવામાં આવે છે. દહેગામમાં પણ રસ્તાઓ ઉબડ ખાબડ બન્યા છે.કેટલાક માર્ગોનુ છેલ્લા સાત વર્ષના અંતે પણ રીસરફેસીંગ હાથ ધરાયુ નથી દહેગામ નાંદોલ હાલીસા, દહેગામ સીડગ્રામ, રાયપુર કારોલી તેમજ રખિયાલ સાહેબજીના મુવાડાને જોડતા માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવા માટે ટેન્ટર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૪ કરોડનો ખર્ચ કરાશે.

દહેગામ તાલુકામાં વિવિધ ચાર માર્ગોના રીસરફેસીંગ માટે કામગીરી હાથ ધરવામાં આવશે. શહેરની જેમ જિલ્લામાં પણ વિવિધ માર્ગોને અનુલક્ષી રીસરફેસીંગના કામો હાથ ધરવામાં આવે છે. વરસાદી દિવસોના અંતે આમ પણ માર્ગોની દશા ખરાબ થઈ છે. ત્યારે નિયત સમયના અંતે વર્ષો બાદ પણ માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ન ધરાતા વાહનચાલકોની સલામતી જોખમાઈ છે. ત્યારે જિલ્લામાં તબક્કાવાર માર્ગોની સુધારણા માટે કામોને મંજુરી આપવામાં આવે છે. જેમાં દહેગામ નાંદોલ હાલીસાના ૧૭ કી મી માર્ગનુ રીસરફેસીંગ કરવામાં આવશે. આ ઉપરાંત દહેગામ સીડગ્રામ ૯ કી મી જયારે રાયપુર કારોલીના ૩ કી મીના માર્ગ સહીત રખિયાલ સાહેબજીના મુવાડા ૬ કી મી માર્ગનુ રીસરફેસીંગ હાથ ધરવામાં આવશે. આ ચારેય માર્ગોનુ છેલ્લા સાત વર્ષથી રીસરફેસીંગ કરાયુ નથી. આ માર્ગોની દશા સુધારવા માટે અંદાજિત રૂ ૧૪ કરોડનો ખર્ચ કરાશે. આગામી દિવસોમાં માર્ગ સુધારણાની કામગીરીને અનુલક્ષી ટેન્ડર આખરી થશે. ત્યારબાદ માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરાશે. દહેગામ તાલુકાના આ ચારેય માર્ગોની દશા અત્યંત ખરાબ છે. જેના લીધે હાલ આ રૂટમાં પસાર થતા વાહનચાલકોને પણ ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે. માર્ગોની દશાને અનુલક્ષી અગાઉ સર્વે પણ હાથ ધરાયો હતો.જેના અંતે સ્થાનિકોની સલામતી પણ જોખમાઈ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. આવા સંજોગોમાં આસપાસના ગ્રામજનોમાં પણ ત્વરિત અસરથી આ માર્ગોનુ કામ હાથ ધરાય તેવી માંગણી ઉઠવા પામી છે.

**વેચવાની છે**
ઈન્ડસઈન્ડ બેંક દ્વારા કબ્જો લીધેલ અશોક લેલેન્ડ ૨૫૧૮ ટીપર-BS4-2018
MP-21-H-1591
ઈન્ડસઈન્ડ બેંક લી.
૪૦૫/૪૦૬, અરીસ્ટા બિઝનેશ સ્પેશ, સીંધુભવન રોડ, અમદાવાદ.
મો. ૭૦૪૩૩૩૨૭૯૫

**વેચવાની છે**
ઈન્ડસઈન્ડ બેંક દ્વારા કબ્જો લીધેલ અશોક લેલેન્ડ ૨૫૧૮ ટીપર-BS4-2018
MP-21-H-1590
ઈન્ડસઈન્ડ બેંક લી.
૪૦૫/૪૦૬, અરીસ્ટા બિઝનેશ સ્પેશ, સીંધુભવન રોડ, અમદાવાદ.
મો. ૭૦૪૩૩૩૨૭૯૫




ગાંધીનગર મહાનગર પ્રમુખ ઋચિરભાઈ ભટ્ટની આગેવાની હેઠળ રાહુલ ગાંધી દ્વારા આસામમાં ગુજરાત અને ગુજરાતીઓને શોષણખોર કહીને જે અપમાન કરાયુ છે તેના વિરોધમાં સાંજે ૫ કલાકે ઘ-૫ સર્કલ ખાતે ગાંધીનગર મહાનગરના સર્વે હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને વિરોધ પ્રદર્શન કર્યુ હતુ. આ કાર્યક્રમમાં ઘ-૫ સર્કલથી કોંગ્રેસ કાર્યાલય સુધી પ્રદર્શન યાત્રા યોજાઈ હતી અને રાહુલ ગાંધી વિરૂદ્ધ સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

## સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાઓનો સર્વે કરી નવા નાંખવા માટે પ્રબળ માંગ

ગાંધીનગર તા ૧૫

શહેરના કેટલાક સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના નવા થાંભલા નાંખવામાં આવી રહ્યા છે જયારે કેટલાક ઠેકાણે જુના અને કટાયેલા થાંભલા અજવાળુ આપતા નથી ત્યારે જુના અને જોખમી પોલ્સ બદલીને નવા નાંખવા માટે પણ સ્થાનિકો સતત રજુઆત કરી રહ્યા છે. આવા સંજોગોમાં બંધ સ્ટ્રીટ લાઈટોની ફરિયાદોનુ પણ કાયમી નિરાકરણ આવે તે મુજબ સર્વે હાથ ધરવા માટે પણ માંગણી ઉઠવા પામી છે.

શહેરના સેકટરોમાં બંધ રહેતી સ્ટ્રીટ લાઈટોનો તંત્રએ સર્વે કરી ફરિયાદો નિવાર નિવારવાની અનિવાર્યતા હોવાની લાગણી પણ સ્થાનિકોએ વ્યકત કરી છે. સેકટરામાં છેલ્લા ઘણાં સમયથી સ્ટ્રીટ લાઈટોના મામલે અનેકવાર ફરિયાદો ઉઠતી રહે છે. સેકટરોમાં કેટલાક પોલ્સ ચાલુ હગોય છે જયારે કેટલાક બંધ હાલતમાં જેના લીધે સેકટરોના આંતરિક માર્ગો પર પુરતુ અજવાળુ પથરાતુ નથી. વરસાદી દિવસોના અંતે સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો સતત ઉઠતી રહે છે.

● અનુસંધાન પાના - ૭ પર

# જિલ્લામાં કોરોનાના દસ કેસ : છ ને ડિસ્ચાર્જ

### ગાંધીનગર તાલુકામાં ૩ અને માણસામાં બે કેસ નોંધાયા સેક્ટર-૧૭, ૨૯, ૭, ૩ અને ૮માંથી કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા આજે વધીને ૧૦ થઈ છે. ૧૦ દિવસથી પણ વધુ સમય બાદ બે આંકડામાં કોરોનાના કેસો નોંધાયા છે. આજે શહેર-જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫-૫ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા પાંચ કેસમાં ૩ કેસ ગાંધીનગર તાલુકામાં અને બે કેસ માણસા તાલુકામાં નોંધાયા છે. આજે નોંધાયેલા પાંચેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા પાંચ કેસમાં બે મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બે વિદ્યાર્થીઓ કોરોનાથી સંક્રમિત થતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

ગાંધીનગર તાલુકાના રાંદેસણ ગામેથી આજે બે કેસ મળ્યા છે. આ ઉપરાંત રાયસણ ગામેથી એક કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં અર્બન વિસ્તારમાંથી એક વિદ્યાર્થી તેમજ ઈશ્વરપુરા ગામેથી એક વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૪૦૫૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જયારે ૧૧૧૯ લોકોનો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ પાંચ કેસ નોંધાયા છે. આજે સંક્રમિત થનાર દર્દીઓમાં ૪ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. એક મહિલા દર્દીને સારવાર માટે ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં જુના સચિવાલયની કર્મયોગીની, બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૧૭, ૨૯, ૭, ૩ અને ૮ માંથી કેસ મળી આવેલ છે. શહેરમાં આજે બે દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લામાં આજે પણ કોરોનાના એક્ટીવ કેસોની સંખ્યા ૭૦થી નીચે હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com